
## ડાયરેક્ટ ❤ સે

રિસ્ક
હંમેશાં મોટું લો
જીતી ગયા
તો કેપ્ટન બનશો
અને હારી ગયા
તો સલાહકાર

## જન્મદિને વધામણી



હિરેન ભટ્ટ
નાયબ માહિતી નિયામક
ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૬૩૬૩૦



પુષ્પા દિનેશ ચૌહાણ



કાવ્યા ચંદ્રકાન્ત શ્રીમાળી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કૉલેજ ગ્રંથાલયની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર જી પટેલ કન્યા શાળાના ધોરણ-૯ ઈમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ગ્રંથાયલની મુલાકાત આયોજિત કરવામાં આવી હતી.

ગ્રંથાલયને યુજીસી દ્વારા મળતા લાભ, સંદર્ભ ગ્રંથો, વિવિધ પુસ્તકોની ગોઠવણ, એનસાઈક્લોપેડિયા, સંદર્ભ પુસ્તકો, સામયિકો, દૈનિક પત્રો, ઈન્ટરનેટ આધારિત ગૂગલના માધ્યમથી પુસ્તકોની આપ-લેની સંપૂર્ણ માહિતી, ઈ-બૂક્સ વગેરે અંગે વિદ્યાર્થીનીઓને વિગતે માહિતી આ મુલાકાત દરમિયાન કૉલેજનાં ગ્રંથપાલ મયુરેબન દ્વારા આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન ગ્રંથપાલ મહેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં આચાર્ય સુધાબેન તથા સુપરવાઈઝર ગીતેષભાઈએ આ મુલાકાતનું આયોજન કર્યું હતું. ૪૫ કલતાં વધુ વિદ્યાર્થીનીઓએ આ મુલાકાતમાં ભાગ લીધો હતો.

# જરૂરિયાતમંદો માટે સેવાકાર્ય દ્વારા હોસ્પિટલની એનિવર્સરી ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૭

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની એક હોસ્પિટલને સોમવારે એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. આ હોસ્પિટલના સંચાલક તબીબ દ્વારા રવિવારે સેવાકાર્ય થકી એનિવર્સરીની ઉજવણી કરી નવો ચીલો ચાતરવામાં આવ્યો છે.

શહેરના નવવિકસિત કુડાસણ વિસ્તાર સ્થિત વાછાણી ઓર્થોપેડિક હોસ્પિટલને સોમવારે તા. ૧૭મી જુલાઈના રોજ એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. આ હોસ્પિટલની પહેલી એનિવર્સરી વૃદ્ધાશ્રમના વડિલોને તથા સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકોને મદદરૂપ થઈ કરવામાં આવી છે. આજે વહેલી સવારે હોસ્પિટલના સંચાલક તબીબ ડૉ. વિવેક વાછાણીએ સેક્ટર-૬માં ક્રિશ્ના વૃદ્ધાશ્રમના વડિલો માટે ચા-ખાંડ-તુવેરદાળ-તેલ જેવી સામગ્રી પુરી પાડી હતી. એટલુ જ નહિ પરંતુ ડૉ. વાછાણીએ આ વડિલો સાથે સમય વિતાવી તેમનુ વિનામુલ્યે ચેકઅપ પણ કર્યુ હતું. તબીબી તપાસ સાથે તેમણે વડિલોને જરૂર જણાય ત્યાં દવાઓ પણ પુરી પાડી હતી તથા કેટલાક રોજબરોજના સામાન્ય દર્દો જેવા કે તાવ, એસિડીટી, ગેસ, માથાનો દુ:ખાવો વગેરે માટે પણ દવાઓનો સ્ટોક વૃદ્ધાશ્રમને દાનમાં આપ્યો હતો.

આ સાથે તેમણે સેક્ટર-૧૯ સ્થિત સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકો માટે ઘી-મગ-ચણા, મરચુ-મીઠુ-હળદળ જેવી સામગ્રી સાથે ૧૨ નંગ ગાદલા, લાપી, ૧૦ બાળકો માટે સ્કૂલડ્રેસ, ૧૦૦ નંગ ચોપડા, ૧૦૦ નંગ પેન વગેરે જેવી ચીજવસ્તુઓનું પણ દાન કર્યું હતું. પોતાના દવાખાનામાં દર્દીઓના દર્દ દૂર કરવા સાથે જરૂરિયાતમંદોને મદદરૂપ થઈ વર્ષગાંઠ ઉજવવાનો તબીબનો પ્રયાસ ખરેખર પ્રસંશનીય છે.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે નવા વિદ્યાર્થીઓ માટે આવકાર કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૭

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે પ્રથમ વર્ષ બીકૉમના વિદ્યાર્થીઓને આવકારવા માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઍસવાય અને ટીવાયના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા વિદ્યાર્થીઓને કૉલેજ પરિવારનો પરિચય આપવામાં આવ્યો હતો તથા વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રથમ વર્ષ બીકૉમના ૧૧ વિદ્યાર્થીઓ માટે મિ. ફ્રેશર અને મિસ ફ્રેશરની સ્પર્ધા યોજાઈ હતી. મિ. ફ્રેશર તરીકે સ્વપ્નીલ ગઢવાલ અને મિસ ફ્રેશર તરીકે ન્યુતિ પટેલની પસંદગી થઈ હતી.

કાર્યક્રમના કો-ઓર્ડિનેટર તરીકે પ્રા. ભૂમિબેન ઠક્કર, પ્રા. દિવ્યાબેન રાવલ, પ્રા. રાજેન્દર સિંઘે કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા, કલ્ચરલ કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, સોનલબેન લેન્ડે અને પ્રા. કૃપિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કાર્ય કર્યું હતું. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. નીરવભાઈ જોષી અને વર્ષાબેન પારેખે પોતાની સેવાઓ આપી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫

**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં તમન્ના એમ શેખ, માનસી જે પ્રજાપતિ, મુસ્કાન એમ શેખ, તમન્ના એચ શેખ અને કિંજલ એ વાઘેલા અનુક્રમે વિજેતા બન્યાં હતાં. મહેંદી સ્પર્ધાનું આયોજન અને સંચાલન મદદનીશ શિક્ષક કિંજલબેન વાઘેલાએ કર્યું હતું. નિર્ણાયક તરીકે ધારિણીબેન ચાવડા, શ્વેતાબેન પ્રજાપતિએ પોતાની સેવાઓ આપી હતી. આચાર્ય જયંતીભાઈ વી પટેલે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જે બી પ્રાથમિક શાળાના સ્ટાફ માટે પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં શિક્ષકો અને સ્ટાફ માટે વડતાલ, જાંબુઘોડા અને ગલતેશ્વરના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક દિવસના આ પ્રવાસમાં શાળાનાં તમામ શિક્ષકો, ક્લાર્ક અને સેવક ભાઈ-બહેનો પણ જોડાયાં હતાં. સૌએ પ્રવાસ દરમિયાન આવતાં સ્થળો વિશે વિગતે માહિતી મેળવી હતી અને સાથે રહીને પ્રવાસનો આનંદ માણ્યો હતો.

## લીંબોદરા હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી લીંબોદરા સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરાની ઈકો ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ નીલગિરી, આસોપાલવ ઉપરાંત આયુર્વેદિક છોડવાઓનું આરોપણ કર્યુ હતું. આચાર્ય તેજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકને પાંચ રોપાં ઉછેર અને જતન માટે દત્તક આપવામાં આવ્યાં હતાં.

(૧) ૨૦૧૭માં ગુજરાતમાં કેટલામો વન મહોત્સવ યોજાયો હતો?
(એ) ૬૨મો (બી) ૬૪મો (૩) ૬૬મો (૪) ૬૮મો

(૨) ૨૦૧૭માં ૬૮મો વન મહોત્સવ કયા સ્થળે યોજાયો હતો?
(એ) પાલ (બી) શોલ (૩) પલી (૪) શોલી

(૩) ૬૮મા વન મહોત્સવ નિમિત્તે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કયા વનનું લોકાર્પણ કર્યું હતું?
(એ) ગીતાંજલિ વન (બી) વીરાંજલિ વન
(૩) પુષ્પાંજલિ વન (૪) અમૃતાંજલિ વન

(૪) ૬૮મો વન મહોત્સવ કયા જિલ્લામાં યોજાયો હતો?
(એ)અરવલ્લી (બી) બનાસકાંઠા (૩) સાબરકાંઠા (૪) નર્મદા

(૫) મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૬૮મા વન મહોત્સવ અંતર્ગત કેટલા કરોડ વૃક્ષો વાવવા આહ્વાન કર્યું હતું?
(એ) ૧૧ (બી) ૧૦ (૩) ૧૫ (૪) ૨૦

(૬) ૨૦૧૭માં સેમેગલ ફૂટબૉલ સ્ટેડિયમમાં ભાગદોડ થતાં આઠ લોકોનાં મોત થયાં હતાં, તે દેશ કયા મહાદ્વીપમાં આવેલો છે?
(એ) યુરોપ (બી) એશિયા (૩) ઉત્તર અમેરિકા (૪) આફ્રિકા

(૭) ૨૦૧૭માં ભારત-શ્રીલંકા વચ્ચે સંયુક્ત વાયુસેના યુદ્ધ અભ્યાસ કાર્યક્રમ કયા સ્થળે યોજાયો હતો?
(એ) કોચી(બી) કોલંબો (૩) માહે (૪) માલદીવ

(૮) ૨૦૧૭માં યુનિસેફના વૈશ્વિક સદ્ભાવના દૂત તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) સાવિત્રી સિંહ (બી) વિદ્યા બોક્સ
(૩) શિખા શોલી (૪) લીલી સિંહ




(૯) ૨૦૧૭માં વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવનાર સુંદરસિંહ કઈ રમત સાથે સંકળાયેલા છે?
(એ) ટેબલ ટેનિસ (બી) રીલે દોડ
(૩) ભાલા ફેંક (૪) ગોળા ફેંક

(૧૦) તાજેતરમાં નિધન પામનાર નાર બહાદુર ભંડારી કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા?
(એ) સિક્કીમ (બી) ત્રિપુરા (૩) નાગાલેન્ડ (૪) મિઝોરમ

# અભાવો અને મુશ્કેલીઓના તાપમાં તપીને તૈયાર થયેલા સિવિલ સોલ્જર વોરાનો અનોખો અંદાજ






તે મનોરથ જીતનો પ્રારંભથી રાખ્યો હતો,
એ પ્રમાણે જિંદગીને ઘાટ પણ આપ્યો હતો,
સાદગી સાથે વિચારો ઉચ્ચ તું રાખી શક્યો,
એ હદે ગાંધી, કહે તો શી રીતે વાંચ્યો હતો ?
વાન ઉઘડ્યો કઈ દવાથી એટલું પૂછ્યું અને..
ખુદ ઘસાયાનો પછી તેં મર્મ સમજાવ્યો હતો !
એટલે ખરવા વિશે લવલેશ શંકા ના રહી,
તારલાનો હાથ જાદવ, તેં સ્વયં ઝાલ્યો હતો !
એ બહાને ચાંદની રીઝી જતી ઓ નાસમજ !
કેમ તડકો તેં ઉલટથી છાંતીએ ચાંપ્યો હતો ?
લાભ શંકાનો મળ્યો છે, એક કારણથી તને,
આયનો તેં ગામ ભાળે એમ ટિંગાડ્યો હતો !
દિન-દહાડે માણસાઈ ઉંઘતી ઝડપાઈ તો,
એક માણસ તું હતો કે રાતભર જાગ્યો હતો !
આપમેળે એમ કૈં આવું સરોવર ના બને,
યાદ કર, રણમાં કશે તેં વીરડો ગાળ્યો હતો ?
એટલે તો ભાર પીંછાનો તને લાગ્યો નથી,
તેં ગયા જન્મે કદાચિત મોરલો પાળ્યો હતો !
એક અરસા બાદ ત્યાં થોડીઘણી હિલચાલ છે,
તેં કદી વિશ્વાસનો મૃતદેહ જ્યાં દાટ્યો હતો !
આગમન તારું થયું તો, દી પછી સુધરી ગયો,
આમ તો પંચાગમાં એ દુ:ખભર્યો છાપ્યો હતો !

તાજેતરમા પ્રકાશિત થયેલા મઝાના પુસ્તક 'સિવિલ સોલ્જર'માં કવિ મિત્ર કિશોર જીકાદરાની કલમે લખાયેલી આ ગઝલના પ્રત્યેક શબ્દમાં એક અનોખા વ્યક્તિની સંવેદના, સંસ્કાર અને સંનિષ્ઠાના ભાવ ભારોભાર નીતરે છે. આ ગઝલમાં એક એવા વ્યક્તિત્વના પાસાને ઢાળ મળ્યો છે કે, જેની વિશે વાત કરતાં જીભ ન સુકાય. પુસ્તકમા જ વર્ણવાયેલી ૧૯૮૧ના સપ્ટેમ્બર મહિનાની એક ઘટનાની વાત યાદ આવી ગઈ...

માંગરોળમાં યુવાન મામલતદારની નિમણૂક થઈ. દરિયા કાંઠે આ યુવાન મામલતદાર એ દિવસે મુલાકાતે આવ્યા હતા. દરિયાઈ તોફાન અને વાવાઝોડાનો લેશમાત્ર આ યુવાનને અંદાજ ન હતો. હિલોળા મારતો દરિયો જોઈને મામલતદાર સાહેબ રાજી થતાં હતાં. પણ થોડીક જ મિનિટોમાં દરિયાના મોજાની સાઈઝ એમને કંઈક અસાધારણ રીતે વધતી જણાઈ. પરિસ્થિતિ થોડી અલગ લાગવા લાગી. ખારવાઓ એમની બોટ લઈને ઝડપથી કિનારે પાછા વળતાં હતાં. એક ખારવાએ તેની અનુભવી વાણીમાં કહ્યું કે, દરિયામાં જોરદાર કરંટ છે અને મોડી રાત કે કાલ સુધીમાં દરિયામાં મોટું તોફાન આવશે. ખારવાની આ વાત યુવાન મામલતદારે નજરઅંદાજ ન કરી. તરત કલેકટરશ્રીને જાણ કરી. કલેકટરે પણ મામલતદારને કહ્યું તમે ખૂબ સરસ આગોતરી જાણ કરી છે. લોકોને સાથે રાખીને જાનમાલની સલામતીના જરૂરી પગલાં લેજો. જિલ્લા કક્ષાએથી પણ આવશ્યક મદદ મોકલાવી રહ્યા છીએ. મુંઝાયા વગર કામ કરજો.

બીજા દિવસે સવારે માંગરોળના દરિયા કાંઠે માધોપુર-ઘેડ વિસ્તારમાં ભયાનક દરિયાઈ વાવાઝોડું ત્રાટક્યું. એક અધિકારીએ યુવા મામલતદારને સમાચાર આપ્યા કે ઘેડ વિસ્તારમાં ૧૦-૧૫ ફૂટ પાણી ભરાઈ ગયા છે. ઢોર-ઢાંખર અને લોકો ડુબી રહ્યા છે. આ યુવા મામલતદાર એક સેકન્ડ પણ વિચાર કર્યા વગર ખુરશીમાંથી ઊભા થઈ ગયા અને કહ્યું કે એક પણ મિનિટનો સમય બાગવો નથી ચાલો આપણે ઘેડ વિસ્તારમાં લોકોની મદદે પહોંચી જઈએ. જે અધિકારી સમાચાર લાવ્યો હતો એ તો આભો બનીને આ મામલતદાર સામે જોઈ જ રહ્યો. વિનમ્રતાપૂર્વક બોલ્યો, સાહેબ તમારે ના આવવાનું હોય અમે લોકો જઈને બચાવ રાહત કામગીરી શરૂ કરી દઈએ છીએ. તેજીલા તોખાર જેવા આ યુવા મામલતદારે એક સ્માઈલ આપીને કહ્યું કે, મિત્ર જીવ તમારો હોય કે મારો એક જ વાત છે, આ તબક્કે તો માંગરોળના નાગરિકોની મદદે આપણે બધાએ એક સાથે દોડવાનું છે.

યૂવા મામલતદારની આ સ્પીરીટ જોઈને આખી મામલતદાર કચેરીમાં સેવા કરવાનું અનેરું જોમ અને ઉત્સાહ વ્યાપી ગયો. જેમ ક્રિકેટ મેચમાં ખેલાડીઓ એક બીજાના ખભા પકડી રમતની શરૂઆત પહેલાં એકમેકને હિંમતથી મુકાબલો કરવા સજ્જ બને એમ આખી મામલતદાર કચેરી માંગરોળના ભાઈઓ-બહેનોને બચાવવા મેદાને પડી. જાણે કે કોઈ પવિત્ર શંખનાદ ના થતો હોય એમ ચારેકોર આ યુવા મામલતાદરની અને એની કચેરીની સેવાકીય સુવાસ પ્રસરવાની શરૂ થઈ ગઈ. ભારે જહેમત અને સતત-અવિરત ૪૮ કલાક સુધી પરિશ્રમ બાદ આ મામલતદારે ઘેડ વિસ્તારના લોકોને સુરક્ષિત સ્થાને ખસેડવામાં સફળતા મેળવી.

પુસ્તકમાં રૂવાડા ખડા કરી દે તેવી કાંકીડી ગામની ધુળીયા શેરીમાં જન્મેલા જાદવ ભગવાનદાસ વોરાની જવામર્દીની આવી તો અનેક દાસ્તાન સુપેરે રસાળ શૈલીમાં પ્રસ્તુત કરાયેલી છે. ખેતમજૂરી કરતાં માંડ માંડ પેટયુંરળતાં ભગવાનભાઈને ત્યાં જન્મેલું જાદવ નામનું રતન. મહેનત અને હોંશિયારીથી કલેકટર અને કમિશનરની કક્ષા સુધી પહોચ્યું. કાંકીડી ગામના જાદવમાંથી સનદી અધિકારી જે. બી. વોરાનું ટ્રાન્ફોર્મેશન કંઈ રાતોરાત એક દિવસમાં નહોતું થયું. અનેક અભાવો વચ્ચે ઉછરેલું બાળપણ અને યુવાની જ્યારે મુશ્કેલીઓના તાપમાં તપીને ખરું સોનું બનીને નીખરી આવે છે ત્યારે એનો અંદાજ જ અનોખો હોય છે. પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ માટે આંઠ-આંઠ કિલોમીટર ચાલીને અભ્યાસ કરવો, કોલેજના અભ્યાસ માટે શહેરમાં હોસ્ટેલમાં રહીને ભણવું અને એ પણ આર્થિક તંગીમાં ખૂબ મુશ્કેલીઓ વચ્ચે માર્ગ કાઢીને આગળ વધવાની વાત બહુ સહજ ન હતી. પણ જાદવ વોરાના નસીબમાં મહેનતની સાથે સાથે મુઠ્ઠી ઊંચેરા માનવીઓનો સહયોગ પણ ઈશ્વરે નિર્માણ કર્યો હતો. શાળા જીવનમાં પ્રતાપભાઈ અને કોલેજ જીવનમાં રતિલાલ બોરીસાગર જેવા શિક્ષકોએ જાદવભાઈ નામના હીરાને પાસા પાડી મૂલ્યવાન બનાવ્યો. કોલેજ અભ્યાસ દરમિયાન જાણીતા પ્રોફેસર, સાહિત્યકાર અને કેળવણીકાર રતિલાલ બોરીસાગરે જાદવભાઈને કહ્યું હતું કે, દીકરા તારામાં સનદી અધિકારી બનવાના લક્ષણો છે. તું મહેનતમાં પાછી પાની ન કરતો. જાદવભાઈના મનમસ્તિસ્કમાં આજે પણ રતિલાલ બોરિસાગર સાહેબના આ શબ્દો એટલાં જ તરોતાજા છે.

જૂનાગઢ હોય કે પાટણ, માધોપુર હોય કે મહેસાણા કે પછી રાજકોટ, હોદ્દો મામલતદારનો હોય કે કલેકટરનો, અધિક કલેકટરનો હોય કો જિલ્લા વિકાસ અધિકારીનો કે પછી કમિશનરનો જે. બી. વોરાનો સદા-સર્વદા એક મંત્ર 'સરકારી નિયમો જનતાની સેવા માટે છે. 'લોકોને તેમના પ્રશ્નો હલ કરવા માટે ક્યારેય ધક્કા ખાવા ન પડે એ જ સરકારી સેવાનું મહત્વનું અંગ કહેવાય. જે વિસ્તાર-જિલ્લામાં નોકરી પર જાય ત્યાં જે. બી. વોરા તેમના સેવકને કહેતાં કે, મને મળવા આવતાં લોકોમાં સૌથી પહેલાં એવો લોકોનો મોકલવા કે જેમના પગમાં સ્લીપર કે ચપ્પલ ન હોય. પછી સ્લીપર ચપ્પલ વાળાને મોકલવા અને છેલ્લે સુટબુટ પહેરેલા લોકોને. આવી સૂચના પાછળ પણ જે. બી. વોરાની હૃદયની ભાવના ખૂબ સ્પષ્ટ હતી કે, જેની પાસે નાણાં નથી એને વારંવારના ધક્કા તેની શારીરિક અને આર્થિક પરિસ્થિતિને વધુ વણસાવે છે. જે મુશ્કેલીઓ એમણે અને એમના પરિવારે ભોગવી એ મુશ્કેલીઓ બીજા લોકોને ન પડે એની સતત કાળજી એ લેતા.

ગુજરાત રાજ્યના વર્તમાન મુખ્ય સચિવ ડો. જે. એન. સિંહ એક જમાનામાં જે. બી. વોરાના કલેકટર હતાં. સિંહ સાહેબે જે. બી. વોરા માટે કહ્યું છે કે, 'શ્રી વોરા લાગણીના માણસ... વહીવટ લાગણીથી થતો નથી એ ઉક્તિ એમણે ખોટી પાડી છે. પોતાની જાત પાસેથી કામ લેવા આ માણસ દિમાગનો ઉપયોગ કરે છે અને બીજા પાસેથી કામ લેવા માટે પોતાના દિલો ઉપયોગ કરે છે. 'પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરી સાહેબે જે. બી. વોરા માટે કહ્યું છે કે, 'હોદાઓ કરતાં કામગીરીનું અને સત્તા કરતાં સહજતાનું વિશેષ મહત્વ જે. બી. વોરાના જીવનમાં રહ્યું છે.'

લોકાભિમુખ, સંવેદનશીલ અને ઉમદા સનદી અધિકારી જે. બી. વોરાના અનુભવોના નીચોડને સિવિલ સોલ્જર જે. બી. વોરા (કાંકીડી ગામની કેડીથી કલેકટર કમિશનર સુધીની સફર) નામના ૨૬૭ પાનાના દળદાર પુસ્તકમાં રસપ્રદ રીતે રીતે અભિવ્યક્ત કરાયો છે. કોઈ સનદી અધિકારી સનદી-સેવાના નામને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોય ત્યારે 'સિવિલ સોલ્જર 'શબ્દથી આગળ વધીને માનવીય સંવેદનાને ઝંઝોડીને 'સિવિલ સંત 'ની કક્ષા સુધી એ પહોંચી જાય છે. લોકોની વચ્ચે, લોકોની માટે અને લોકો વડે સરકારી નિયમોનો સદુપયોગ જ્યાં નિષ્ઠાથી થતો હોય ત્યાં 'સંત તત્વ'ની સુવાસ જ હોય. સિવિલ સોલ્જર પુસ્તક એક સનદી અધિકારીની સેવાકીય સુવાસને ઉજાગર કરે છે. રાજ ભાસ્કર અને કનુભાઈ આચાર્યની નિવડેલી કલમે આ પુસ્તકને અદભૂત ઉઘાડ આપ્યો છે. આખા પુસ્તકમાં ક્યાંય શબ્દાડંબર કે વૈયક્તિક ભાટાઇ કર્યા વગર ખૂબ સરળતાપુર્ણ અને સાહજિકતાથી સનદી અધિકારીની જીવનકથા આલેખી છે. નથી ક્યાંય કોઈ વખાણ કે મર્યાદાનો લોપ. પુસ્તકના શબ્દેશબ્દમાં મૂલ્યસભર વાતને વણી લેવાઈ છે. શ્રી જે. બી. વોરાના બાળપણના પ્રસંગો, યુવાનીની વાતો, સનદી અધિકારી તરીકેના કાર્યો દરેક પ્રસંગને પુસ્તકમાં ખુબ સાહજિકતા અને રસપ્રદ રીતે વર્ણવવામાં લેખકોની કાળજી દાદ માગી લે એવી છે. પુસ્તકમાં આલેખાયેલી એમના લગ્નની વાતના ઉલ્લેખ વગર અધુરપ રહેશે. જે કન્યા સાથે એમના લગ્નની વાત પરિવારે ચલાવી ત્યારે બીજી બધી રીતે બન્ને પરિવારની વાત બરાબર જામતી હતી પણ કન્યાને એક આંખ ન હતી, બધાએ કહ્યું, 'જાદવ તો હીરો છે અનેક કન્યાઓ મળશે આપણે આ સબંધ નથી બાંધવો. 'જાદવે કહ્યું, 'મારી બહેનને પણ એક આંખ નથી. શું એને પણ બધા આમ જ કહેશેને... હું તો આ છોકરીની સાથે જ સંબંધ બાંધીશ... 'આજે સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમય થઈ ગયો, જાદવભાઈ અને સવિતાબહેનના સુખી દાંપત્ય જિવનના લોકો સાક્ષી છે. હિરેન ભોગીલાલ શાહ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલું 'સિવિલ સોલ્જર 'પુસ્તક બુકસેલ્ફ માં રૂ. ૩૦૦ની કિંમતે પ્રાપ્ત થઈ શકે છે. આ પુસ્તકમાંથી પસાર થઈને એટલું અવશ્ય લાગે કે, સિવિલ સોલ્જરમાં એક સેવાકીય ફાઈટીંગ સ્પીરીટ છે અને લોકોની મૂંઝવણોનું સમાધાન આપી એમની પડખે ઉભા રહેતા સંત તત્વ પણ છે. સિવિલ સોલ્જર-સનદી અધિકારી જે. બી. વોરાને રૂબરૂ મળવાનો ઉપક્રમ બન્યો ત્યારે ૧૦ મિનિટ માટે ચર્ચા કરવાની માનસિકતા હતી પરંતુ તેમની સાદગી, સરળતા, સંન્નિષ્ઠતા અને સંસ્કારિતાના સમન્વયથી કલાકો સુધી એમના અનુભવોને ખોબલે ખોબલે પીતો રહ્યો... સનદી સેવાના અધિકારી જે. બી. વોરાની કાર્યશૈલીમા સોલ્જર જેવી ફાઈટીંગ સ્પિરિટ અને સંત જેવી સૌજન્યતાનો સહજ સમન્વય દેખાય અને જ્યાં આવો સમન્વય સર્જાય ત્યાં દિવ્યતા અને પ્રભુતાનો અહેસાસ થયા વગર ન રહે.

**ધબકાર**

સંસ્કાર અત્યંત સહજ પ્રક્રિયા છે, પણ તકલીફ એ છે કે, આપણે સંસ્કારી વર્તનની અપેક્ષા હમેશા સામેના માણસ પાસે રાખીએ છીએ.